પ્રાર્થના કરો તો જગતના કલ્યાણ માટે જ કરો
- સોક્રેટિસ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૮૫ | ૫ જૂન, ૨૦૧૩, બુધવાર; વૈશાખ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરમાં મોડીસાંજે ગાજવીજ સાથે વરસાદ

## હવામાન વિભાગ પ્રિમોન્સુન એક્ટિવિટીના ભાગરૂપે ગાજવીજ સાથેનો વરસાદ થયાનું જણાવે છે : વાવોલ, ચિલોડા અને કુડાસણ વિસ્તારમાં વિજપુરવઠો ખોરવાયો : શહેરમાં એકાદ-બે સ્થાનો પર વિજળી પડ્યાની આશંકા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે જોરદાર વીજળીના કડાકાઓ અને ગાજવીજ સાથે મેઘરાજાનું આગમન થયું છે. મેઘરાજાના આ આગમનને લઈ નગરજનોએ ગરમી અને બફારામાં થોડીક રાહત જરૂર અનુભવી છે. હવામાન વિભાગના સૂત્રો આ વરસાદ પ્રિ.મોન્સુન એક્ટીવીટી વધુ સક્રિય થતાં થયો હોવાનું માની રહેલ છે.

આજે એકાએક થયેલા આ વરસાદના આગમનની સાથે જ વાવોલ, કુડાસણ, ચિલોડા પંથકમાં વીજળીનો પુરવઠો ખોરવાઈ જવા પામ્યો હતો. હજુ ગત સપ્તાહે જ તંત્રના અધિકારીઓને આપત્તિ વ્યવસ્થાપન અંગેની કડક તાકીદ કરાઈ હતી પણ આયોજન હજુ કાગળો પર ઉતરી શક્યુ ન હોવાની વાત છતી થઈ જવા પામી છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી વધેલા બફારા બાદ આજે મોડી સાંજે વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો વરસાદનું આગમન થતાં લોકોએ રાહત અનુભવી હતી.


આજે બપોર બાદ બફારાનું પ્રમાણ વધવા પામ્યું હતું અને સાંજે વરસાદનું આગમન થયું હતું. મોડી સાંજે ગાજવીજ સાથે વરસાદ શરૂ થયો હતો તેમજ આકાશમાં પણ વીજળીના કડાકા થયા હતા.

રાજ્યમાં સમયસર વરસાદની આગાહી તંત્ર દ્વારા કરવામાં આવી છે. પ્રિ-મોન્સુન એક્ટીવીટીના ભાગરૂપે આ વરસાદ થયો હોવાનું મનાઈ રહ્યું છે.

પવનની દિશા બદલાતી હોવાનો તબક્કો હાલ ચાલી રહ્યો હોવાથી આ વરસાદ પ્રિ-મોન્સુન એક્ટીવીટીના ભાગરૂપે થયો હોવાનું કેટલાક ખગોળશાસ્ત્રીઓ માની રહ્યા છે.

પવન સાથે શરૂ થયેલા આ વરસાદને કારણે લોકોએ રાહતની લાગણી અનુભવી છે. ચિલોડા પંથકમાં વરસાદના આગમન સાથે જ વીજળી ગુલ થતાં લોકોએ રાહતની સાથે સાથે ચિંતામાં ગરકાવ થઈ જવા પામ્યા હતા.

ચોમાસાનું આમ તો વિધિવત્ આગમન ૧૫ જૂન પછી રાજ્યમાં થતુ હોય છે. પણ પ્રિ.મોન્સુન એક્ટીવીટી વધુ સક્રિય થતાં આ વરસાદ થયો છે. આજે સાંજે ગાજવીજ સાથે શરૂ થયેલો વરસાદ સમગ્ર જિલ્લામાં થયાના અહેવાલો સાંપડ્યા છે.



(તસવીર : દિપક જાની)

## રાજ્યમાં ૧લી જુલાઈથી ચોમાસુ સક્રિય શરૂ થાય તેવી આગાહી કરતુ હવામાન વિભાગ

ગાંધીનગર, તા. ૪

ગુજરાતમાં આગામી ૧લી જુલાઈ સુધીમાં સક્રિય ચોમાસુ બેસશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

હવામાન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ દક્ષિણ ભારતમાં કર્ણાટકમાં ચોમાસાનો પ્રારંભ થવા પામ્યો છે. ગુજરાતમાં ૭મી જૂનથી ચોમાસુ શરૂ થાય તેવી સંભાવના છે અને ૧લી જુલાઈ સુધીમાં રાજ્યમાં સક્રિય ચોમાસુ બેસશે તેવી આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

રાજ્યના હવામાનમાં છેલ્લા બે ત્રણ દિવસથી પલટો આવવા પામ્યો છે. દિવસ દરમ્યાન તાપમાન ઘટ્યું છે. પરંતુ ભારે બફારો થઈ રહ્યો છે. સવારે અને સાંજના સમયે વાદળછાયુ વાતાવરણ સર્જાય છે અને બપોર દરમ્યાન તડકો પડે છે.

સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં વરસાદ નોંધાવા પામ્યો છે. જૂનાગઢના કેટલાક વિસ્તારોમાં તો આજે બીજા દિવસે પણ વરસાદના ભારે ઝાપટા પડવા પામ્યા હતા. ગઈકાલે જામનગર, જૂનાગઢ, રાજકોટ અને અમરેલી જિલ્લાના કેટલાક વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદના ઝાપટા પડ્યા હતા.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ૭મી જૂનથી રાજ્યમાં કેટલાક વિસ્તારોમાં છુટો છવાયો વરસાદ થવા સાથે ચોમાસુ શરૂ થાય તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ વર્ષે ચોમાસુ સમયસર શરૂ થાય અને સારો વરસાદ થાય તેવી આગાહીને ધ્યાને રાખીને ચોમાસાની સંભવીત પરિસ્થિતિને પહોંચી વળવા માટે રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા પ્રીમોનસુન પ્લાન તૈયાર કરવા માટેની કવાયત હાથ ધરી છે અને આગામી ટૂંક સમયમાં પ્રીમોનસુન પ્લાન તૈયાર કરી દેવામાં આવશે.

આ ઉપરાંત હવામાન વિભાગ સાથે પણ પરામર્શ કરીને વેધર અંગે ફોરકાસ્ટ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

## સેક્ટર-૧૭માં ટ્રાન્સફોર્મર ખોટકાતાં વીજ પુરવઠો ખોરવાયો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૭માં આજે સાંજથી વીજળીનો પુરવઠો ખોરવાઈ જવા પામ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ વીજળીની માંગમાં થયેલા વધારાને કારણે સે. ૧૭માં વીજ પુરવઠા માટેના ટ્રાન્સફોર્મરમાં ભંગાણ સર્જાતા આ વીજ પુરવઠો ખોરવાયો હોવાનું જાણવા મળેલ છે. મોડી સાંજ સુધીમાં વીજ પુરવઠો પુનઃ પ્રસ્થાપિત થઈ જશે તેવો વિશ્વાસ ટોરેન્ટ પાવરના સૂત્રો ધરાવી રહ્યા છે.



ઈશરત કેસમાં સામેલ ડીજી વણઝારાની ટ્રાન્સફર વોરન્ટના આધારે ધરપકડ કરવાનો આદેશ કરાયા બાદ તેમની ધરપકડ કરી લેવાઈ હતી. આવતીકાલે કોર્ટમાં રજુ કરાશે.

# ખરીફ ઋતુમાં ૧.૫૦ લાખ હેક્ટર વાવેતરનું આયોજન

## દિવેલા, મગફળી અને શાકભાજીના પાકોનું વાવેતર વિસ્તાર વધશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં આ ખરીફ ઋતુ દરમ્યાન કપાસ, દિવેલા અને મગફળી સહિતના પાકોનું વાવેતર ૧.૫૦ લાખ હેક્ટર વિસ્તારમાં થશે તેવા અંદાજો સાથે પાક આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લામાં ખરીફ ઋતુના વાવેતરનો ધીમી ગતિએ આરંભ થઈ ચુક્યો છે અને અત્યાર સુધીમાં જિલ્લામાં ૨૭૦૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર થઈ ચુક્યુ છે. જો કે આ વેળાએ દિવેલાનું વાવેતર વિક્રમી થશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં તાજેતરમાં સંપન્ન થયેલ કૃષિ મહોત્સવ દરમ્યાન ખેડૂતોએ પોતાનું મન દિવેલાની ખેતી તરફ વધુ દર્શાવ્યું હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત કપાસ અને મગફળીના પાક માટે પણ સારો એવો ઉત્સાહ બતાવ્યો હોવાનું જાણવા મળેલ છે.

વરસાદ સમયસર થશે તેવા સંકેતોને લઈ ખેડૂતો દ્વારા વાવેતરની સંપૂર્ણ તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. કેરળમાં ચોમાસાના વિધિવત્ આગમન પછી ખેડૂતો આ માસના બીજા પખવાડિયામાં વરસાદ ગુજરાત આવી પહોંચશે તેવું માની રહ્યા છે.

ખેડૂત આગેવાનો સાથેની વાતચીતમાંથી મળતી વિગતો પ્રમાણે કપાસ માટે માણસામાં ખુબ જ સારી પરિસ્થિતિ છે. માણસાના પ્રયોગશીલ ખેડૂતોને લઈ બી.ટી. કોટનના બિયારણના ભાવો આજે પણ નિયંત્રણમાં રહેવા પામ્યા છે.

જો કે મજૂરોની અછતને લઈ જિલ્લામાં કપાસના પાકનું વાવેતર ૨૮ હજાર હેક્ટર વિસ્તારમાં થાય તેવા સંકેતો છે. જો કે તંત્ર ૩૦ હજાર હેક્ટર કરતાં પણ વધુ વિસ્તારમાં વાવેતર થશે તેવો અંદાજ રાખી રહેલ છે.

દિવેલાનું વાવેતર પણ ૩૦ હજાર હેક્ટર વિસ્તારમાં થશે તેવા સંકેતો મળી રહ્યા છે. જ્યારે ત્રીજા નંબરે મગફળીનું વાવેતર સારૂ થશે તેમ મનાઈ રહ્યું છે. આ પાકના વાવેતર વિસ્તારમાં વધારો થશે તેમ ખેડૂતો પણ માની રહ્યા છે.

આ ઉપરાંત શાકભાજીના પાકોનું વાવેતર તેમજ ઘાસચારાનું વાવેતર પણ સારૂ એવું થશે.

જિલ્લા ખેતીવાડી વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર ખેડૂતો માટે બિયારણની જરૂરિયાત મુજબનો પુરતો જથ્થો તેમજ ખાતરનો જથ્થો ઉપલબ્ધ છે.

## માઉન્ટકાર્મેલની તુલસી માધાણી શહેરમાં બીજા ક્રમે

ગાંધીનગર, તા. ૪



માઉન્ટ કાર્મેલ સ્કૂલની વિદ્યાર્થિની કુ. તુલસી રાજેશભાઈ માધાણીએ ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં કુલ ૭૦૦ ગુણમાંથી ૬૦૬ ગુણ મેળવી ગાંધીનગર શહેરમાં બીજા ક્રમે રહી શહેર તથા શાળાનું ગૌરવ વધાર્યું છે. તેણીએ ૯૯.૮૫ પર્સન્ટાઈલ રેન્ક મેળવ્યો છે. આંકડાશાસ્ત્ર અને ઓર્ગેનાઈઝેશન ઓફ કોમર્સના વિષયોમાં અનુક્રમે ૯૬ અને ૯૨ ગુણ મેળવ્યા છે. અભ્યાસ ઉપરાંત શાળાની ઈતર પ્રવૃત્તિઓમાં પણ તે સક્રીય રહી હતી.

**Required**

A **MALE Dispatch clerk / Helper** to handle Godown routine work, Knowledge of English & Gujarati, Basic & operative Computer knowledge is eessntial. 12th / Graduate preferably commerce. Age below 28 years

**Walk-in interview on 7th June 2013, 11am to 4 pm**

Plot No. E/9/1, G.I.D.C., Electronic Estate, Opp. Apex Industries, Sector-26, Gandhinagar

## ચ-૨ પાસે એસ.ટી.ની ટક્કરમાં બાઈકને દોરી જતા યુવાનનું મોત

ગાંધીનગર શહેરના ચ-૨ સર્કલ નજીક આજે મોડીસાંજે થયેલા બાઈક અને એસ.ટી. વચ્ચેના અકસ્માતમાં બાઈક ચાલકનું મોત થયું છે.

આજે સાંજે ૮ વાગ્યાના સુમારે બાઈક પર જઈ રહેલા બે યુવાનો વરસાદને કારણે બાઈક બંધ પડી જતાં દોરીને જઈ રહ્યા હતા ત્યારે પાછળથી આવી રહેલ બસ નીચે એક યુવાન આવી જતાં સ્થળ પર જ તેનું મૃત્યુ નીપજ્યું હતું જ્યારે બીજા યુવાનને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

